# વોર્ડ નં. ૬માં ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલની દાવેદારી

## ભાજપમાં દાવેદારો વચ્ચે તીવ્ર ખેંચતાણ સર્જાતા પક્ષ માટે કસોટીરૂપ બનશે વોર્ડ નં. ૬

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૬ એટલે શહેરના નવા સેક્ટરો અને ધોળાકૂવા ગામનો બનેલો મહત્વનો વોર્ડ. સેક્ટર-૭, ૮, ૯, ૧૦, ૧૨ અને ધોળાકૂવાના બનેલા વોર્ડ નં. ૬માં ૧૬૧૬૯ મતદારો છે. જેમાં ૮૩૮૬ પુરૂષ મતદારો અને ૭૧૮૩ મહિલા મતદારો છે. આ વોર્ડમાં નવા સીમાંકન મુજબ એક એક બિન અનામતમાંથી પુરૂષ અને મહિલા ૧ અનુસૂચિત જાતિ અનામત વિભાગમાંથી મહિલા અને ૧ પછાત વર્ગ અનામતમાંથી પુરૂષ પ્રતિનિધિત્વ કરી શકશે. હાલ આ વોર્ડમાં ૩ વર્તમાન કોર્પોરેટરો છે. જેમાં ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, દર્શનાબેન અડાલજા અને નામદેવ વર્સાત છે. જો કે કોંગ્રેસના નામદેવ વર્સાતને વોર્ડ નં. ૩માંથી લડાવવાનું કોંગ્રેસના વર્તુળોમાં સક્રિય વિચારણા ચાલે છે. જ્યારે મહિલા કોર્પોરેટર દર્શનાબેન અડાલજા વોર્ડ નં. ૭માંથી લડવા આતુર છે.

વોર્ડ નં. ૬માં ભાજપ પક્ષે પૂર્વ શહેર પ્રમુખ અને વર્તમાને ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલની પ્રબળ દાવેદારી છે. સમગ્ર વોર્ડમાં એક અને એક માત્ર વર્તમાન કોર્પોરેટર દાવેદારી કરી રહ્યા છે. આ વોર્ડમાં ભાજપમાં ટીકીટ માટે ભારે દોડધામ છે. શહેર ભાજપના ઉપ પ્રમુખ અને જિલ્લા ભાજપના મીડીયા સેલના અગ્રણી જિજ્ઞેશભાઈ જોષી, શહેર ભાજપના અગ્રણી શ્રી નાઝાભાઈ ધાંધર ઉપરાંત ધોળાકૂવાના અગ્રણી કાર્યકર પંકજસિંહ ઠાકોરની દાવેદારી જોરશોરથી ચાલે છે. પૂર્વ સહકાર મંત્રી અને ભાજપના વરિષ્ઠ અગ્રણી વાડીભાઈ પટેલના સુપુત્ર શૈલેષભાઈ પટેલ, દૂધ મંડળીના ડિરેક્ટર મંગળભાઈ કે. પટેલ તથા ભાજપના વરિષ્ઠ અગ્રણી જયંતિભાઈ બારોટના સુપુત્ર તરૂણભાઈ બારોટ પણ મેદાનમાં ઉતરવા આતુર છે. જાણીતા બિલ્ડર વિક્રાંતભાઈ પુરોહિતનું નામ પણ ભાજપના વર્તુળોમાં ચર્ચાય છે. જ્યારે મહિલા બેઠકો માટે કોકીલાબેન મહેન્દ્રભાઈ પટેલ તથા મીનાક્ષીબેન જાદવના નામો મોખરે છે. આ ઉપરાંત કોઈ કાર્યકરને ટીકીટ નહી આપી શકાય તેવી સ્થિતિ સર્જાય ત્યારે તેમના ધર્મપત્નીને ટીકીટ આપી મનાવી લેવાની પણ ગોઠવણો ચાલી રહી છે.

કોંગ્રેસમાં આક્રમકતાથી લડી શકે તેવા ઉમેદવારોની શોધ ચાલી રહી છે. જો કે પ્રખર દાવેદારોમાં જાણીતા સામાજીક અગ્રણી શ્રી લાલુભા વાઘેલાનું નામ મોખરે છે. ધોળાકૂવાના આતાજી ઠાકોર કે ઈશ્વરજી ઠાકોરમાંથી એક નામ નિશ્ચિત છે. જાણીતા વેપારી શ્રી પંકજભાઈ પટેલ પણ દાવેદારીમાં પાછળ નથી. આકાશ દેસાઈ અને દુર્ગેશ ગઢવી જેવા યુવા કાર્યકરો પણ ચૂંટણી લડવા ભારે ઉત્સાહિ છે. મહિલા કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી ભાનુબેન રોહિત મહિલા અનામત બેઠક પરના નામોમાં અગ્રેસર છે.

જ્યારે કોંગ્રેસના કાર્યકર શ્રી એન.ડી. મકવાણા અને જિલ્લા પંચાયતના સદસ્ય એલ. એન. પરમારના પરિવારમાંથી પણ મહિલા ઉમેદવારો માટે નામો ચર્ચાય છે. આ ઉપરાંત લોક વિકાસ મંચ પણ આ વોર્ડમાં સબળ ઉમેદવારો મુકે તેવી અફવા જોરશોરથી ચાલી રહી છે. જો કે દાવેદારોના નામ હજી ચર્ચામાં નથી આવ્યા. અને હા... નવા સેક્ટરોમાં આમ આદમી પાર્ટી પણ ઉમેદવારો ઉભા રાખવા તૈયાર કરતી હોવાના અણસાર વર્તાય છે.

### કોંગ્રેસના કોર્પોરેટર ભાવનાબા વાઘેલા ચૂંટણી નહીં લડે

ગાંધીનગર મહાનગર પાલિકાના વધુ એક કોર્પોરેટરે ચૂંટણી નહીં લડવાનો નિર્ણય જાહેર કરતાં ભારે ચર્ચા જાગી છે. મનપાના જુના વોર્ડ નં. ૪માંથી વિજયી બની કોંગ્રેસ પક્ષના દંડક તરીકે સેવા આપતા ભાવનાબા કર્મદેવસિંહ વાઘેલાએ કોંગ્રેસના આંતરિક વિખવાદોથી કંટાળી ચૂંટણી નહી લડવાનો નિર્ણય કર્યો છે. ભાવનાબાએ અખબારી નિવેદનમાં કોંગ્રેસ પક્ષ પર ખુલ્લો આક્ષેપ કરતાં જણાવ્યું છે કે પક્ષનો આંતરિક જુથવાદ પરાકાષ્ઠાએ છે. સબળ નેતૃત્વના અભાવે પક્ષ દિશા વિહીન ચાલી રહ્યો છે. અને સાચા કાર્યકર્તાની ઉપેક્ષા થતી હોવાના પગલે નારાજગી સાથે ઉમેદવારી નહી કરવાનો નિર્ણય લેવાનું નિવેદનમાં જણાવાયું છે.

## કોંગ્રેસ લડાયક ઉમેદવારો પર ગંભીરતાથી વિચારે છે : આપ અને લોક વિકાસ આ મંચ પણ મેદાનમાં ઉતરે તેવા અણસાર

**હરિની દૃષ્ટિ...** - હરિન ભટ્ટ



મારા રાજકારણનાં અનુભવથી કહું છું... કે 'લોચાં'વાળા પ્રધાન મંત્રી કરતાં 'ચા' વાળા લાખ દરજે સારા...!!

# પેથાપુરના નગરપતિ તરીકે રણજીતસિંહ વાઘેલા

## ઉપપ્રમુખ તરીકે શકુબેન ઠાકોર, પક્ષના નેતા તરીકે દિલીપસિંહ વાઘેલા તથા દંડક તરીકે ભીખાજી ઠાકોર વરાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકામાં ભાજપના પ્રમુખ તરીકે શ્રી રણજીતસિંહ વાઘેલા અને શકુબેન આઈ. ઠાકોર પ્રમુખ અને ઉપ પ્રમુખ પદે ૧૮ વિરૂદ્ધ ૬ મતે વિજયી જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસના અધ્યક્ષપદે મળેલ આજની પ્રથમ બેઠકમાં પ્રમુખ તરીકે ભાજપના શ્રી રણજીતસિંહ આર. વાઘેલા સામે કોંગ્રેસના શ્રી અજીતસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવી હતી. જે મતદાન પર લેવાતાં ભાજપના શ્રી આર.આર. વાઘેલાને ૧૮ મત અને શ્રી અજીતસિંહ વાઘેલાને ૬ મત મળતાં શ્રી રણજીતસિંહને પ્રમુખ તરીકે ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

આ પછી ઉપપ્રમુખની ચૂંટણી હાથ ધરાઈ હતી જેમાં ભાજપના શકુબેન ઠાકોર સામે કોંગ્રેસના શ્રદ્ધાબેન ઠાકોરનો પ્રસ્તાવ હતો. જે મત પર લેવાતાં શકુબેન ઠાકોરને ૧૮ મત મળ્યા હતા જ્યારે શ્રદ્ધાબેનને ૬ મત મળતાં શકુબેન ઠાકોરને વિજેતા જાહેર કરાયા હતા.

આમ બેઠકમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થતાં બેઠક પૂર્ણ થયેલી જાહેર કરાઈ હતી. ભાજપના શ્રી રણજીતસિંહ વાઘેલા અને શકુબેન ઠાકોરના વિજયને ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડી અને ગુલાલ ઉડાડી વધાવી લીધો હતો.

ભાજપના તાલુકા પ્રમુખશ્રી આઈ. બી. વાઘેલા અને શ્રી અનિલ પટેલે નીરીક્ષક તરીકે હાજરી આપી હતી. આ પછી તેમણે પેથાપુર નગરપાલિકામાં પ્રથમવાર પક્ષના નેતા તરીકે દિલીપસિંહ પૃથ્વીસિંહ વાઘેલાની તથા પક્ષના દંડક તરીકે શ્રી ભીખાજી જવાનજી ઠાકોરની વરણી કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી.

બેઠક અગાઉ આ બન્ને સંગઠનના આગેવાનોએ પક્ષના સભ્યોને પક્ષનો મેન્ડેડ આપ્યો હતો અને સહિઓ પણ તેના પર લીધી હતી.

**ખૂણે ખાંચરેથી...**

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષની એક મહત્વની બેઠક પ્રદેશ પ્રમુખ જયંત પટેલ (બોસ્કી)ના અધ્યક્ષપદે મળી હતી.

● ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ તરીકે જસવંતભાઈ પટેલ અને પેથાપુર મંડલના પ્રમુખ તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાની નિયુક્તી કરાઈ છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે જિલ્લાતંત્રએ નોડલ અધિકારીઓની નિયુક્તી કરી દીધી છે.

● જિલ્લા ભાજપના અગ્રણી વાડીભાઈ પટેલની સ્ટેટ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો.ના ચેરમેન તરીકે નિયુક્તી થતાં ભાજપમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

● ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા આજે બપોરે નારાયણી રિસોર્ટમાં "અમૂલ" બ્રાન્ડના લોંચીંગ મુદ્દે પત્રકાર પરિષદ યોજવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બજેટ બેઠક મળશે.

● મહુડીમાંથી વધુ ૬ નવા કેસ ઓરીના મળતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

# કેન્સરપિડીત આધેડનો ઝેરી દવા પી લઈ આપઘાત

## પેથાપુરના આધેડે બે દિવસ અગાઉ કપાસમાં છાંટવાની દવા ગટગટાવી હતી : સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક પેથાપુરના તરપોજ વાસમાં રહેતા ૪૫ વર્ષીય આધેડે કેન્સરની બિમારીથી કંટાળીને પોતાના ઘરે બે દિવસ પહેલા કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ આધેડનું ગઈ રાત્રે સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

પેથાપુર ગામના તરપોજ વાસમાં રહેતા ૪૫ વર્ષીય પોપટજી મથુરજી ઠાકોરે ૨૭ માર્ચે ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કપાસમાં છાંટવાની દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં પોપટજીને પરિવારજનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતાં. બે દિવસથી હોસ્પિટલમાં દાખલ પોપટજી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. દરમિયાન ગઈ રાત્રે તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. રાત્રે પોપટજીનું સારવાર દરમિયાન મૃત્યુ થતા પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી જમાદાર વિજયસિંહે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે મૃતક પોપટજી છેલ્લા ૮ વર્ષથી કેન્સરની બિમારીથી પીડાતા હતા તેનાથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## જિલ્લા-મહાનગરોના ભાજપ પ્રમુખો નિમાયા

પ્રદેશ ભાજપ દ્વારા આજે ૬ જિલ્લા શહેરોના પ્રમુખોની નિમણુંકો કરવામાંઆવી છે. અમદાવાદ શહેરના પ્રમુખ તરીકે જગદીશ પંચાલની, અમદાવાદ જિલ્લા પ્રમુખ તરીકે આર.સી. પટેલ, મહેસાણા જિલ્લા પ્રમુખ તરીકે નીતિનભાઈ પટેલ, સુરત શહેર પ્રમુખ તરીકે, નીતિનભાઈ જોષી (ભજીયાવાળા) અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે હીરેન હીરપરા જૂનાગઢ શહેર પ્રમુખ તરીકે, શશીકાંત ભીમાણી દાહોદ જિલ્લા પ્રમુખ તરીકે, શંકરભાઈ આમલીયારા અને રાજકોટ શહેર પ્રમુખ તરીકે કમલેશ મીરાનીની નિમણુંક કરવામાં આવી છે.



શ્રી મુકત જીવન સ્વામી બાપા સ્મૃતિ મંદિર વિશ્વ શાંતિ કેન્દ્ર-રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર માઉન્ટ આબુના રજત મહોત્સવ અંતર્ગત પાટોત્સવ વિધિ, પૂજન, અર્ચન, આરતી, અન્નકુટ તેમજ આર્શીવાદનો અલભ્ય લાભ મળ્યો હતો. કિર્તન-ભકિત સાથે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજ ઝુમી ઉઠયા હતા તે પ્રસંગની તસવીર.

# ઈ-કોમર્સ રીટેલીંગમાં ૧૦૦ ટકા એફ.ડી.આઈ.ને કેન્દ્રની મંજુરીથી નાના વેપારીઓને વધુ એક લપડાક

ગાંધીનગર, તા. ૩૦

નાના વેપારીઓ પોતાના ધંધા-કારોબારને લઈને ચિંતિત છે ત્યારે મંગળવારે કેન્દ્ર સરકારે ઈ-કોમર્સ રિટેલિંગમાં ૧૦૦ ટકા એફ.ડી.આઈ.ને મંજુરી આપી નના વેપારીઓનું નિકંદન કાઢી નાંખવાનો એક કારસો રચ્યો છે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ડૉ. હિમાંશુ પટેલ વધુમાં જણાવે છે કે, કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા નાના વેપારીઓને વધુ એક ફટકો મારવામાં આવ્યો છે. ઈ-કોમર્સમાં દરેક ચીજવસ્તુઓનું વેચાણ ઓનલાઈન થાય છે. ભારતમાં ઈ-કોમર્સનો વ્યાપ જે રીતે વધી રહ્યો છે તે જોઈને વિદેશી કંપનીઓના મોંઢામાં પાણી આવી રહ્યું છે. વિદેશી કંપનીઓ ભારતમાંથી નફો ઘરભેગો કરવા આતુર બન્યા છે ત્યારે ભાજપની કેન્દ્ર સરકારે તેમના માટે લાલ ઝાઝમ પાથરી છે. હવે વિદેશી કંપની ઓનલાઈન બિઝનેસ કંપનીમાં ૧૦૦ ટકા રોકાણ કરી શકશે. આ ફિલ્ડમાં વિદેશની વિશાળ કંપનીઓ જેવી કે ઈ.બી., એમેઝોન આપણા દેશની ઈ-કોમર્સ કંપનીઓને ગળી જવા આતુર છે.

આ સુધારાથી વિદેશી ઈ-કોમર્સ કંપનીઓ ભારતમાં ગ્રાહકોને લોભામણી સ્કીમો આપશે અને તેમની સાથેની હરિફાઈમાં ભારતીય કંપનીઓએ ટકી રહેવું મુશ્કેલ બનશે. લાંબા ગાળે પોતાનો ઈજારો સ્થાપવાના ઈરાદાથી શરૂઆતમાં આ વિદેશી કંપની નુકસાન કરીને પણ ભારતીય કંપનીઓને તાળા લગાવશે. ત્યારબાદ પોતાની રીતે મનસ્વીપણે નફો ઉઘરાવી પોતાના દેશ ભેગો કરશે. જ્યારે સમગ્ર દેશ રૂપિયાના અવમુલ્યનથી ચિંતિત છે ત્યારે કેન્દ્ર સરકારનું આ પગલુ ભવિષ્યમાં રૂપિયાને વધુ ગબડાવશે. એક બાજુ સરકાર રોજગારી વધારવાની વાતો કરી રહી છે જે પોકળ સાબિત થઈ રહી છે. ઈ-કોમર્સમાં એફ. ડી. આઈ.ને ૧૦૦ ટકાની મંજુરી આપતા નાના વેપારીઓની સીધી હરિફાઈ વિશાળ વિદેશી કંપનીઓ સાથે થશે. આ હરિફાઈમાં નાના વેપાર-ધંધા પડી ભાંગશે અને બેરોજગારીમાં વધારો થશે તેમ ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ઈસ્ટ ઈન્ડિયા નામની રિટેલ કંપનીના કારણે ભારત ગુલામ બનેલુ. આજે કેન્દ્ર સરકારના આ નિર્ણયને કારણે વિદેશી કંપનીઓ ભારતને ફરી એકવાર આર્થિક નિરાશ્રિત બનાવી દેશે.

# પોસ્ટલ બચતના નાણાં સમયસર ચુકવવા માંગ

નાની બચતની વિવિધ યોજનામાં કરેલા રોકાણ મુદત વીતી જવા છતાં રોકાણકારોને સમયસર પરત મળતા ન હોવાથી નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સંદર્ભે શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રતિનિધિ મંડળે આસિ. સુપ્રન્ટેન્ડેટ પોસ્ટ ઓફીસ એસ. ચિત્રાને આ મુશ્કેલીઓ અંગે રજૂઆત કરી હતી. આ મુશ્કેલીઓ અંતર્ગત જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે માર્ચના છેલ્લા દિવસોમાં પોસ્ટ ઓફીસો વધારે સમય ચલાવીને રોકાણકારોને નાણાં ચૂકવવા જોઈએ. નવી કમ્પ્યુટરસાઈઝડ સિસ્ટમ અપનાવ્યાના ચાર મહિના પછી પણ સર્વર જરૂરી સ્પીડે કનેકટીવીટી આપી શકતું નથી તે અંગે જરૂરી તપાસ અને કામગીરી ઝડપથી થાય તેમજ પોસ્ટ ઓફીસના કમ્પ્યુટર્સ તરત જ અપગ્રેડ થાય. આ તમામ રજૂઆતો પોસ્ટ ઓફીસના આસિ. સુપ્રિન્ટેન્ડેટ સમક્ષ રજૂઆતો કરી હતી. જયારે પોસ્ટ ઓફીસના સુપ્રિન્ટેન્ડેટ એ પણ સારો પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે તા. ૩૦ અને ૩૧ માર્ચના દિવસોમાં પોસ્ટ ઓફીસોને વધુ સમય શ્રમ કરવાનો આદેશ કરવામાં આવશે તેમજ શકય તેટલી ડિપોઝીટના નાણાં આપવાનો પ્રયાસ પણ કરાશે.

# ગુજરાત હાઈડલ નીતિની જાહેરાત

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં ડેમ, નહેરો કે નદી ઉપર જળ આધારિત નાના વિદ્યુત પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવાના હેતુથી નીતિ જાહેર કરવામાં આવેલ છે.

વિધાનસભા ગૃહમાં આજે રાજ્યના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે નિયમ-૪૪ હેઠળ ગુજરાત સ્મોલ હાઈડલ નીતિ જાહેર કરતાં જણાવ્યું હતુંકે આ પોલીસી પાંચ વર્ષ માટે અમલી રહેશે અને તે દરમ્યાન સ્થપાનાર એકમો મહત્તમ ૩૫ વર્ષ સુધી લાભો મેળવી શકશે. આ નીતિ અંતર્ગત ૨૫ મેગા વોટ સુધીના જળ વિદ્યુત એકમો સ્થપાશે અને તેઓ દ્વારા ઉત્પન્ન થતી વીજળી ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમીશન નિર્ધારીત કરે તે ટેરીફથી વેચી શકાશે.

આવા એકમો દ્વારા ઉત્પન્ન થતી વીજળી વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણ પણે મુક્ત રહેશે અને આવા કેપ્ટીવ પાવર પ્રોજેકટોને વ્રીલીંગ ચાર્જ અને ડિસ્ટ્રીબ્યુશન લોસમાં ૫૦ ટકા કન્સેશન મળવાપાત્ર રહેશે. વિશેષમાં ત્રીજા પક્ષકારને વીજળી વેચે તેવા નાના હાઈરલ પ્રોજેક્ટને ક્રોસ સબસીડી સરચાર્જ અને એડીશનલ સરચાર્જમાં પણ ૫૦ ટકા કન્સેશન મળવાપાત્ર રહેશે.

# પ્રાંતિયા પાસે બસ-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બે ના મૃત્યુ

## મોડી રાત્રે બેફામ જતી ટ્રકે સામે આવતી બસને જબરદસ્ત ટક્કર મારી હતી : બસના ડ્રાઈવર તથા એક મુસાફરનું કમકમાટીભર્યુ મૃત્યુ

ચિલોડા-નરોડા હાઈવે પર મોડી રાત્રે એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સામસામે ટકરાયેલી બસ અને ટ્રક બંને વાહનોના કેબીન ભાગના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. આ અકસ્માતમાં બસના ડ્રાઈવર અને એક મુસાફર બે વ્યક્તિના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. ડભોડા પોલીસે બસના કંડકટરની ફરિયાદને આધારે ટ્રકચાલક સામે ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.



છોટા ઉદેપુરથી ખેડબ્રહ્મા તરફ જઈ રહેલી એસ.ટી. બસ નં. જીજે. ૧૮.વાય.૯૦૧૦ નરોડા-ચિલોડા હાઈવે પરથી પસાર થઈ રહી હતી ત્યારે રાત્રે પોણા ત્રણ વાગ્યાના અરસામાં પ્રાંતિયા ગામની સીમમાં જોગણી માતાના મંદિર સામેની જગ્યાએ બસને સામેથી બેફામ ગતિએ આવી રહેલી હરીયાણા પાસીંગની ટ્રકે જબરદસ્ત ટક્કર મારી હતી. ટ્રક અને બસ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એસ.ટી.બસના ડ્રાઈવર ૪૮ વર્ષિય જગદીશભાઈ શીવાભાઈ નાયી અને બસમાં બેસેલા એક મુસાફર ૪૦ વર્ષિય અંબુભાઈ ગમાભાઈ બારીયા બંનેના કરૂણ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીએ ટ્રકચાલક સામે બસના કંડક્ટર જીગ્નેશભાઈ સોલંકીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

### નાના ચિલોડા નજીક કારની ટક્કરે રિક્ષા ડ્રાઈવરનું મોત

ગાંધીનગર શહેરના સે-૨-બી પ્લોટ નં. ૪૭૬/૨ ખાતે રહેતા જયંતીભાઈ સેંધાજી ઠાકોર ગઈ બપોરે નાના ચિલોડા નજીક એસ.પી. રીંગરોડ પર ગયા હતા.આઈ-૨૦ ગાડી લઈને બેફામ ગતિએ આવેલા શખ્સે પાછળથી રિક્ષાને ટક્કર મારી હતી. દરમ્યાનમાં લોડીંગ રિક્ષાચાલક જયંતીભાઈનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. પુત્ર ગૌરાંગની ફરીયાદને આધારે ડભોડા પોલીસે આઈ-૨૦ કારના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.